# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-01-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## VGRC – ગાંધીધામ પ્રોગ્રામ

ચાલુ મહિના જાન્યુઆરીના બીજા સપ્તાહમાં રાજકોટ ખાતે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત કચ્છમાં જિલ્લા કક્ષાનો વાઇબ્રન્ટ કાર્યક્રમ આવતીકાલે ગાંધીધામમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર કન્વેશન સેન્ટર ખાતે યોજાશે. જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં મહત્વપૂર્ણ એમઓયુ સાથે વિવિધ ટેક્નિકલ સત્રો, પ્રદર્શન તેમજ પેનલ ડિસ્કશન યોજાશે.

આ અંગે યોજાયેલી બેઠકમાં જીલ્લા સમાહર્તાએ અધિકારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ પ્રોગ્રામમાં ઉદ્યોગો સાથે કોલેજકક્ષાના વિદ્યાર્થીઓને પણ સાંકળીને ઈવેન્ટનું આયોજન કરવાથી નવા સ્ટાર્ટઅપને વેગ મળશે. તેમણે ઉદ્યોગો વચ્ચે સંકલન થાય તે માટે બી ટુ બી બેઠકો બાબતે ભાર મૂક્યો હતો. નાના ઉદ્યોગો, હેન્ડીક્રાફ્ટસ વગેરે સંલગ્ન યુનિટ પણ વાઈબ્રન્ટના કાર્યક્રમમાં હાજર રહીને પોતાના ઉત્પાદનો કે સેવાઓનું પ્રદર્શન કરી શકે તે પ્રકારે આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના સંલગ્ન ઉદ્યોગોને આવરી લેતા એક્ઝિબિશનમાં 60થી વધારે સ્ટોલ ઊભા કરાશે. આ સ્ટોલની મુલાકાત લઈને ઉદ્યોગકારો સીધા જ ઉદ્યોગકારો કે સ્ટાર્ટઅપ સાથે વ્યાપાર અંગેની ચર્ચા વિચારણા કરી શકશે.

ટેકનિકલ સત્રોમાં નિષ્ણાંતો દ્વારા ઈનોવેશન અને સ્ટાર્ટઅપ, ખેતીવાડી ફૂડ પ્રોસેસિંગ, કુદરતી ખેતી, પ્રવાસન અને હસ્તકળા જેવા વિષયોને આવરી લેવાશે. આ ઉપરાંત, કચ્છના ખાણ ખનીજને લઈને જીએમડીસી દ્વારા એક વિશેષ પેનલ ડિસ્કશનનું આયોજન ગાંધીધામ ચેમ્બર ઓફ કોમેર્સના હોલમાં કરવામાં આવ્યું છે. જ્યાં વિવિધ ઉદ્યોગકારો, સ્ટાર્ટઅપ તેમજ

કોલેજના વિદ્યાર્થીઓ વગેરે એક મંચ પર આવીને નિષ્ણાંતો સાથે ચર્ચા કરીને પોતાની વાત રાખી શકશે.

દરમ્યાન, જીલ્લા કલેકટર આનંદ પટેલે જિલ્લાના ઉદ્યોગ સાહસિકો, રોકાણકારો, યુવા ઉદ્યોગ સાહસિકો તથા સ્થાનિ આ કાર્યક્રમમાં વેપારીઓને સહભાગી બનવા અનુરોધ કર્યો છે. આ ઉપરાંત, બિઝનેસ ટુ ગર્વમેન્ટ બેઠકોમાં સરકારના વિવિધ ડીપાર્ટમેન્ટ ઉત્સાહભેર સહભાગી બનવા તેમણે જણાવ્યું છે.

કાર્યક્રમમાં ગાંધીધામ ચેમ્બર્સ ઈવેન્ટ પાર્ટનર તરીકે જ્યારે દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ વેન્યૂ પાર્ટનર તરીકે જોડાયા છે. આ ઉપરાંત ફોકિયા અને કચ્છ મેનેજમેન્ટ એસો. નોલેજ પાર્ટનર તરીકે સહભાગી બન્યા છે.

---------------------------------------------------------------------------------

## કચ્છમાં વિમાની સેવા વધારવા રજૂઆત

જિલ્લાની વિમાની કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવા માટે ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન્સ (ફોકિઆ)ના પ્રતિનિધિમંડળે કેન્દ્ર સરકારના નાગરિક ઉડ્ડયન નિયામક સાથે દિલ્હીમાં મહત્વની બેઠક યોજી હતી. આ બેઠકમાં ભુજ-અમદાવાદ હવાઈ સેવા પુનઃશરૂ કરવા તેમજ કંડલામાં ગ્રીનફિલ્ડ એરપોર્ટના વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

વધુ માહિતી આપતા ફોકિઆના એમ.ડી. નિમિષ ફડકેએ જણાવ્યું કે, પ્રતિનિધિ મંડળે ભુજ-મુંબઈ અને ભુજ-દિલ્હી વચ્ચે ઈન્ડીગો દ્વારા સેવા શરુ કરવા માટે પણ રજૂઆત હતી. વિમાની કનેક્ટિવિટી વધવાથી કચ્છના ઔદ્યોગિક અને પર્યટન વિકાસને વેગ મળશે, જેનો સીધો લાભ પ્રવાસીઓ, ઉદ્યોગપતિઓ અને સ્થાનિક લોકોને મળશે.

---------------------------------------------------------------------------------

## નવા વર્ષને આવકાર

આજથી શરુ થયેલા ઈસુના નવા વર્ષ 2026ના જગતભરમાં ઉમંગભેર વધામણા લેવાયા. કચ્છમાં પણ ગઈ મધરાત્રે ફટાકડા અને આતશબાજી સાથે નવા વર્ષને વધાવાયુ હતું.

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ નવા વર્ષ 2026 નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે.**

**રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું કે, નવું વર્ષ નવી ઉર્જા અને સકારાત્મક પરિવર્તનનું પ્રતીક છે, અને આત્મચિંતન અને નવા સંકલ્પો માટે એક તક તરીકે સેવા આપે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ દરેકને રાષ્ટ્રના વિકાસ, સામાજિક સંવાદિતા અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવા વિનંતી કરી છે.**

**---------------------------------------------------------------------------------------------**

## કચ્છમાં વાવેતર

**જીલ્લામાં ચાલુ સિઝનમાં અત્યાર સુધી વિવિધ પાકોનું ૧ લાખ ૬૦ હજાર હેક્ટર જેટલું વાવેતર થયું છે. જીલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિંહ વાઘેલાના જણાવ્યા મુજબ, છેલ્લા ત્રણ વર્ષની સરખામણીએ આ વખતે વાવેતરમાં વધારો નોંધાયો છે.**

**(બાઈટ... જિલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિં વાઘેલા)**

**---------------------------------------------------------------------------------------------**

## અકસ્માત

**નખત્રાણામાં વથાણ માર્ગે એક રાહદારી યુવકનું ટ્રકની અડફેટે મૃત્યુ થયું છે. આ અકસ્માત નગરમાંથી પસાર થતા ભુજ-લખપત હાઈવે પર થયો હતો. જેને પગલે સ્થાનિક લોકો દ્વારા પોલીસને ટ્રાફિક નિયંત્રણની કડક અમલવારી કરવા માટે માંગ કરવામાં આવી છે.**

**---------------------------------------------------------------------------------------------**